# કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરાના છાત્રોનું ૧૦૦ % પ્લેસમેન્ટ

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦૦ % પ્લેસમેન્ટનો લક્ષ્યાંક હાંસિલ કર્યો. જેમાં વિદ્યાથીઓને મહત્તમ રૂપિયા  ૩.૭૩ લાખ પ્રતિ વર્ષનું પેકેજ આપવામાં આવ્યું છે. સરેરાશ રૂપિયા ૨.૯૦ લાખ પ્રતિ વર્ષનું પેકેજ મેળવ્યું છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કુલ ૭ કંપનીઓ અને ૪ ભારત સરકાર માન્ય સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ દ્વારા ૩૪ વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયો પર તાલીમ (ઈન્ટર્શીપ)  આપવામાં આવી હતી અને આ તાલીમ (ઈન્ટર્શીપ)  દરમ્યાન આઈ. સી. એ. આર., નવી દિલ્હી દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાઇપન્ડ પણ આપવામાં આવેલ હતું. છેલ્લા ૩ વર્ષમાં સરેરાશ ૯૬ % પ્લેસમેન્ટનો લક્ષ્યાંક હાંસલ કરેલો છે.  આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથેરીયા તથા  કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરાના આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહએ સંસ્થાની શૈક્ષણિક ગુણવતા તથા કોલેજના આર. ઈ. ઈ. વિભાગ હસ્તક આવેલ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ ઓફીસની કામગીરીને બીરદાવી છે.

